# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-04-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## NOMINATION PAPERS FILLED

આગામી લોકસભાની ચૂંટણીઓ માટે કેટલીક બેઠકો માટે આજે પણ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે.

ભાવનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણિયાએ કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. જ્યારે ગઠબંધનના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજીની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું.

કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાએ પક્ષના અધ્યક્ષ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. રોડ શો માં ભાજપના અગ્રણીઓ લોક કલાકારો જોડાયા હતા.

બનાસકાંઠા બેઠકના ભાજપના ઉમેદવાર રેખાબેન  ચૌધરીએ, મહેસાણા બેઠકના ભાજપના ઉમેદવાર હરિભાઇ પટેલે, બારડોલી બેઠકના ભાજપના પ્રભુભાઇ વસાવા, પાટણ બેઠકના ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ સમર્થકો સાથે ઉમેદવારીપત્ર ભર્યું હતું.

ગાંધીનગર લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર સોનલ પટેલે ઉમેદવારીપત્ર ભર્યું હતું.

સુરત લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલે વિજય મુહુર્તમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું.

ઉમેદવારીપત્ર ભરતા પહેલા તેમના નિવાસસ્થાને યોજાયેલી પત્રકાર પરિષદમાં મુકેશ પટેલે કહ્યું હતું કે અમે વિકાસના મુદ્દા પર ચુંટણી લડી રહ્યાં છીએ., તેમણે કહ્યું હતું કે મેં અત્યાર સુધી ચાર લોકોનો સંપર્ક કર્યો છે.

-------

## NOMINATION- FILED

રાજકોટમાં ભાજપ ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ઉમેદવારી ફોર્મ ભર્યું. ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા જાગનાથ મંદિરે દર્શન કરી પદયાત્રા રેલી યોજી હતી.

કચ્છ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલણે ઉમેદવારી ફોર્મ ભર્યું કચ્છ કોંગ્રેસના પ્રમુખ અને કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં ઉમેદવારી ફોર્મ  ભર્યું.

અમદાવાદ પશ્ચિમના ભાજપના દિનેશ મકવાણા, અને કોંગ્રેસના ભરત મકવાણાએ પણ આજે ઉમેદવારીપત્ર ભર્યું હતું.

------------------------

## POSTAL - BALLOT

લોકસભાની ચૂંટણી ફરજ પરના કર્મચારીઓના મતદાન માટેના પોસ્ટલ બેલેટની આપ-લે માટે અમદાવાદ ખાતે 18મી એપ્રિલે સ્ટેટ એક્સચેન્જ મેળો યોજાશે..જેમાં પોસ્ટલ બેલેટની આપલે કરાશે.. આ

ઉપરાંત લોકસભા સામાન્ય ચૂંટણી માટે 31 તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટે 4 ઉમેદવારી પત્ર મળ્યા હોવાની મુખ્ય રાજ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપી હતી.

આ  ઉપરાંત રાજ્યમાં કાર્યરત 756 ફ્લાઈંગ સ્કવોર્ડ્સ તથા 1 હજાર 203 સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં કુલ 96 કરોડ 45 લાખ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે તેમજ કંટ્રોલ રૂમ, NGSP, ટપાલ, ઈ-મેઈલ અને C-Vigil જેવા વિવિધ માધ્યમો થકી અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી 12 હજાર 400 થી વધુ ફરિયાદો મળી હોવાની માહિતી રાજ્ય ચૂંટણી પચં દ્વારા આપવામાં આવી હતી.

..................................

## MEhsana- Postal voting

મહેસાણા જિલ્લામાં આગામી લોકસભાની યોજાનારી ચૂંટણીને લઈ ચૂંટણી વિભાગ દ્વારા પોસ્ટલ મતદાન માટેની તૈયારીઓ શરૂ કરી છે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે ચૂંટણી માં ફરજ બજાવતા 14 હજાર 886 કર્મચારીઓ પોસ્ટલ મતદાન માટે ફોર્મ ભર્યા છે. જેમાં સૌથી વધુ ફોર્મ મહેસાણા વિધાનસભા બેઠક માંથી 5 હજાર 445 ભરાયા છે. બીમારીને કારણે મતદાન સ્થળે હાજર ન રહી શકનારા એવા 535 એ ઇ મતદાન માટેના ફોર્મ ભર્યા છે.

..................................

# DWARKA DRUGS

દ્વારકાના રૂપેણ બંદરની નજીક આવેલા દરિયામાંથી સુરક્ષા એજન્સીઓએ 50 લાખ રૂપિયાની કિંમતનો બિનવારસી  ચરસનો જથ્થો પકડી પાડ્યો છે.

અમારા દ્વારકાના પ્રતિનિધિ કરણ જોશી જણાવે છે કે દ્વારકા એસ.ઓ.જી. દ્વારા દ્વારકા વરવાળા પાસે આવેલ હોટલ સ્કાય કંફર્ટ બીચની સામે દરિયાકાંઠેથી 987 ગ્રામ ચરસનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

--------------------

# WEATHER

ભર ઉનાળે ભરૂચ શહેરમાં આજે અચાનક વાતાવરણમાં પલટો આવતા કમોસમી વરસાદ વરસ્યો હતો. વરસાદ પડતાં અહીં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. છેલ્લા બે દિવસથી ભારે ગરમી બાદ વરસાદ માહોલ સર્જાતા લોકોએ રાહત અનુભવી હતી. હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. જોકે આવતીકાલથી રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ વધશે. હવામાન વિભાગના રિપોર્ટ અનુસાર 17 અને 18 એપ્રિલ રોજ સૌરાષ્ટ્રના પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથમાં આવતીકાલે હિટવેવની સ્થિતિ અનુભવાઈ શકે છે.

---------------

# PANCHMAHAL- PAVAGADH

યાત્રાધામ પાવાગઢ ખાતે બિરાજમાન મહાકાળી મા ના મંદિરે ચૈત્રી નવરાત્રીના આઠમા નોરતે હવન કરવાની પરંપરા ત્રણ સૈકા ઓ જૂની છે. ઉલ્લેખનીય છે કે વડોદરા નજીક આવેલા ભાઈલી કોઈલી ગામે આવેલા મહાકાળીના બાળ સ્વરૂપના મંદિરેથી પેઢી દર પેઢી આ રથ પરંપરા ચાલી રહી છે.

ભક્તો સાથે આવેલો આ ભાયલી કોહલીનો સંઘ મહાકાળી માતાજીના મંદિરે દર્શન કરી ધજા હવન પડીકુ અને શ્રીફળ માતાજીને ચઢાવવામાં આવે છે આ શ્રીફળ પાવાગઢ મંદિરે વેલી સવારે પહોંચ્યા પછી જ માતાજીના હવન પૂજાની શરૂઆત કરવામાં આવે છે.

.................